# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૩

ઑગસ્ટ 2025

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧) ......................દ્વારા દોષોથી મુકત અને ગુણોથી યુકત જીવન બનીને રહે છે.
૨) ........................વપરાતું દ્રવ્ય ન્યાયથી ઉપાર્જન કરેલું વાપરવું.
૩) .....................એટલે તત્વને સાંભળવાની ઇચ્છા કે જીજ્ઞાસા.
૪) મળી ગયેલા મોંઘેરા માનવ ભવને સફળ બનાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે જીવનમાં .............ના ગુણને મજબૂત બનાવવાનો.
૫) જે કાળમાં સમયે સમયે સમસ્ત પદાર્થોના વર્ણાદિ ગુણોની વૃધ્દિ થાય છે તે ..............કહેવાય છે.
૬) પ્રભુની સત્તર ભેદે દ્રવ્ય પૂજા કર્યા બાદ ભાવ પૂજા કરતાં પહેલાં ત્રીજી .................કહીને ચૈત્યવંદન કરવૂ.
૭) સુપાશ્ર્વનાથ પ્રભુ ................નગરીમાં કેવળજ્ઞાન પામ્યા.
૮) પ્રત્યેક વનસ્પતિકાયને છોડીને બાકી રહેલા ...................જીવો આપણે ચર્મચક્ષુથી જોઇ શકતા નથી.
૯) સિધ્દના જીવો લોકના છેડે જઇને અટકી જાય છે કારણ કે આગળ ............નો અભાવ છે.
૧૦) .....................એટલે આર્યતાના સંસ્કાર રહિત દેશ.
૧૧) અભિનંદન પ્રભુ ............ના ભવમાં સમ્યકત્વ પામ્યા.
૧૨) શરીર યોગ્ય પુદગલોને ગ્રહણ કરીને એને લોહી આદિમાં પરિણમવાની શકિત તે .............છે.
૧૩) ..................વિનાના સર્વ ગુણો એકડા વગરના મિંડા જેવા છે.
૧૪) વ્યસનોની સાથે ..................ની પ્રવૃત્તિ પણ માનવીને સહુના હૃદયમાં સ્થાન મેળવવા દેતા નથી.
૧૫) ...............જીવને સ્વાર્થમાંથી પરમાર્થ તરફ લઇ જાય છે.
૧૬) ઉપકારીઓના ઉપકારની સ્મૃતિ અને પ્રતિ ઉપકાર કરવાની સદા તૈયારી એ ................નું લક્ષણ છે.
૧૭) ..................આરાના મનુષ્ય વૈતાઢ્ય પર્વતની દક્ષિણ અને ઉત્તર બાજુએ રહેવા ગંગા-સિંધુની ગુફાઓમાં રહેશે.
૧૮) વાસણ પડતાં થતો નાદ-અવાજ તે................
૧૯) ..........પ્રભુ આગલા ત્રીજા ભવે જંબુ મહાવિદેહમાં પુરૂષસિંહ રાજપુત્ર હતા.
૨૦) સતનો સંગ આપણને સજજન અને સંત બનાવે છે જયારે અસત્નો સંગ આપણને ...............કે શેતાન બનાવે છે.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧) કયા આરાના લોકો બોરમાણ ભોજન કરી સંતોષ પામનારા હોય છે.
૨) દેરાસરમાં પ્રભુના દર્શન કરતા જતી વેળાએ સર્વ પ્રથમ અને સર્વ પ્રકારે શેનો ત્યાગ કરવો જોઇએ ?
૩) સાંભળેલી વાણીને ભૂલી ન જતાં સ્મૃતિમાં રાખવાની બુધ્દિ ને શું કહેવાય ?
૪) પદ્મપ્રભુના એક ગણધરનું નામ?
૫) દોષો પ્રત્યે ધિક્કાર અને ગુણો પ્રત્યે પક્ષપાત એને શું કહેવાય?
૬) જૈન દર્શન અંધકારને શું માને છે?
૭) સમયે સમયે પુદ્ગલના સ્કંધ સાથે નવાં પરમાણુ જોડાય અને જુના પુદગલો એનાથી જુદા પડે એને શું કહેવાય?
૮) દીર્ઘદૃષ્ટિ વાળી વ્યકિત ફકત વર્તમાનનેજ પ્રાધાન્ય ન આપતાં શેનો વિચાર કરે છે?
૯) જીવ જયાં જાય ત્યાં પ્રથમ કયા પુદ્ગલોને ગ્રહણ કરે ?
૧૦) પ્રભુના ગુણગાનપૂર્વક વિધિસહિત ચૈત્યવંદન કરવું તેને શું કહેવાય?
૧૧) વાલીયા લુટારામાંથી વાલ્મિકઋષી કયા ગુણના આધારે થયા?
૧૨) સ્કંધ સાથે જોડાયેલો સ્કંધનો નાનામાં નાનો અવિભાજય સુક્ષ્મ અણુ ને શું કહેવાય?
૧૩) સંભવનાથ પ્રભુએ પૂર્વ ભવમાં શું કરીને તીર્થંકર નામ કર્મ બાંધ્યુ?
૧૪) દરેક વ્યકિતએ દરેક ક્ષેત્રમાં પગલું ભરતા પહેલા શેની વિચારણા કરવી જોઇએ?
૧૫) ચંદ્રકાંત મણિમાંથી નિકળતો પ્રકાશ શું કહેવાય?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) અજજીવા ૨) દીહા ૩) ભાસ ૪) સમભંગ ૫) પુગ્ગલા ૬) આસ્તિ ૭) ફાસા ૮) અદિસ્સા
૯) પત્તેય ૧૦) લખ્ખણ ૧૧) કાય ૧૨) એગ ૧૩) પંચવિ ૧૪) ખંધા ૧૫) ચઉ ૧૬) થિર ૧૭) નાયવ્વા
૧૮) પભા ૧૯) કોડી ૨૦) મુહુતમ્મિ

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફક્ત બી નું નંબર લખો).** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) ચંડકોશિક | ૧) કાળ |
| ૨) સૂર્યકાન્તમણિ | ૨) પરોપકાર |
| ૩) અપોહ | ૩) સુમતિનાથપ્રભુ |
| ૪) વૃક્ષ | ૪) દ્રવ્યપૂજા |
| ૫) વચન | ૫) મધુરતા |
| ૬) તુંબુરયક્ષ | ૬) બુધ્દિ |
| ૭) સંભવનાથ પ્રભુ | ૭) પાપભિરૂતા |
| ૮) સુલસ | ૮) ધર્મશ્રવણ |
| ૯) અંગશુધ્દિ | ૯) આતપ |
| ૧૦) અજીવ | ૧૦) દુરીતારી યક્ષીણી |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) શ્રી પદ્મપ્રભુ સ્વામી નો છદ્મસ્થકાળ કેટલો?
૨) જીનમંદિરની મુખ્ય આશાતના કેટલી ?
૩) સ્થાવર જીવોના કુલ ભેદ કેટલા?
૪) કાળચક્રનું પ્રમાણ કેટલું?
૫) હાથના ખાલી ખોબામાં કેટલા જીવભેદ સંભવે?
૬) ૧ અહોરાત્રી એટલે કેટલા મુહુર્ત?
૭) અજીવના મુખ્ય ભેદ કેટલા?
૮) શ્રી અજીતનાથ પ્રભુનું આયુષ્ય કેટલું હતું?
૯) પુદ્ગલનાં લક્ષણ કેટલાં ?
૧૦) એકેન્દ્રિય જીવોને કેટલી પર્યાપ્તિ હોય છે?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) મુખથી મધુર વચનોથી મનોહર ગાયનરૂપ પ્રભુના ગુણોની સ્તવના કરવી તે પ્રણામત્રિક.
૨) જે કાળમાં સમયે સમયે સમસ્ત પદાર્થોના વર્ણાદિ ગુણોની અનુક્રમથી હાની થાય છે તે અવસર્પિણી કાળ કહેવાય છે.
૩) શ્રી સુમતિનાથ પ્રભુ કૌશંબીમાં કેવળજ્ઞાન પામ્યા
૪) પ્રથમ કુલકર નો જન્મ સુષમ દુષમ આરાનો પલ્યોપમનો આઠમો ભાગ જયારે બાકી રહે ત્યારે થાય છે.
૫) અજીવના કુલ ભેદ પાંચ છે.
૬) શ્રી અજીતનાથ પ્રભુનો જન્મ દુષમસુષમ નામના ચોથા આરામાં થયો.
૭) અવકાશ આપવાના સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે.
૮) અભિનંદન સ્વામીના શાસન રક્ષક કુસુમ યક્ષ અને અચ્યુતા યક્ષીણી હતા.
૯) સ્કંધથી છુટો પડેલો નાનામાં નાનો અવિભાજય સુક્ષ્મ અણુ તે પ્રદેશ છે.
૧૦) જંબુસ્વામીનો આત્મા ધર્મશ્રવણથી જ જાગ્યો.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) જે કાર્ય જે કાળે કરવાથી લાભ થવાને બદલે નુકસાન થાય તે અયોગ્ય કાળ અકાળ કહેવાય છે.
૨) સતનો સંગ કરી એના રંગે રંગાઇ જઇને સજ્જન બનવા ઉદ્યમવંત બનીએ.
૩) ના, મારે હવે આવા પાપ કરવા નથી ... એના કટુ પરિણામ ભોગવવા નથી"
૪) સિધ્દના જીવો અલોકને અડીને સ્થિર રહે છે એમાં પણ અધર્માસ્તિકાયની જ સહાયતા છે.
૫) આજે દુનિયા ઉપર ...સમાજ ઉપર એક નજર નાંખતા ખ્યાલ આવે છે કે આપણી દુર્દશાના મુળિયા આપણે ગુમાવેલી લજ્જા તરફ આંગળી ચિંધે છે.
૬) પાંચમાં આરામાં જન્મેલો કોઇ પણ મનુષ્ય આ કાળમાં મોક્ષમાં જઇ શકતો નથી.
૭) એનું ચિંતન-મનન કરતાં આ વિશ્વમાં ચાલતી અનેકાનેક ચિત્ર-વિચિત્ર ક્રિયાઓનું રહસ્ય ખુલુ થાય છે.
૮) વૃક્ષો પોતાના ફળો તો બીજાને આપે જ છે પણ ભયંકર તાપમાં પણ જીવોને શીળી છાંયડી આપે છે.
૯) આપણી શકિતનું માપ કાઢી...તાકાતનો વિચાર કરી પછી જ જો કાર્ય કરવામાં આવે તો કાર્ય અધવચ્ચે અટકતું નથી.
૧૦) આપણા નજરમાં વસ્તુ કે સ્કંધ રોજ એક સરખો જ દેખાતો હોય તો પણ એમાં સમયે-સમયે સુક્ષ્મ ફેરફાર થતો જ હોય છે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) જીવો અને જીવવા દો. ૨) માનવ જીવનની મહાનતા ૩) શિષ્ટાચાર પ્રશંસા
૪) સાધારણ વનસ્પતિકાય ૫) ધર્મશ્રવણ

**જ્વાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com